विद्या सर्वार्थ साधिका

# આનંદાલય
## વાર્ષિક પરાક્ષા
## ધોરણ-૬

વિષય: ગુજરાતી | કુલ ગુણ : ૨૦
તા: ૨૨.૨.2020 | સમય : ૧કલાક

નામ : ____________________ ધોરણ: _____ ક્રમાંક: _______________

પ્ર. ૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.

૧ સાત્વિક પ્રકRતિવાળા શિષ્યો કેવા બની ગયા હતા ? ૨

૨ રાજા પોલાર્ડે અલીને બોલાવીને શું કહ્યું ? ૨

પ્ર.૨ નિર્દેશ પ્રમાણે લખો.

અ સમાનાર્થી શબ્દ આપો. ૪

| | | |
|---|---|---|
| ૧ | તસ્કર | |
| ૨ | અચરજ | |
| 3 | આજ્ઞા | |
| ૪ | નયન | |

બ   વિરોધાર્થી શબ્દ આપો.   ૪

| | | |
|---|---|---|
| ૧ | રક્ષક | |
| ૨ | સાવધ | |
| ૩ | કુવિચાર | |
| ૪ | પસંદ | |

પ્ર. ૩   અ. ખાલી જગ્યા પૂરો   ૨

૧   મહર્ષિ ............ ના આશ્રમમાં ઘણાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા.

૨   ..........ખાઈને ગધેડારાજ ગેલમાં આવી ગયા.

બ. નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો   ૨

| | | |
|---|---|---|
| ૧ | અલીએ બકરાની પૂંછડી રાજા સમક્ષ લાવીને મૂકી. | |

| | | |
|---|---|---|
| ૨ | રાજાએ રાજકુમારો પાસે સોનાની બિલાડી માંગી. | |

પ્ર. ૪   નીચે આપેલ વાર્તા વાંચીને પ્રશ્નોનાં જવાબ આપો   ૪

એક જંગલ હતુ..તેનુ નામ શાંતિવન હતું.લીલુંછમ અને ગુફાઓથી ભરેલું.જંગલની વચ્ચે રાજા સિંહની ગુફા હતી.જંગલના ચારે ખૂણે હાથી, ચિત્તા, દિપડા, રીંછ અને વરુ જેવા શક્તિશાળી પ્રાણીઓ રહેતા હતા.રાજા સિંહને જંગલના બધા પ્રાણીઓ બહુ જ આદર આપતા અને પ્રેમ કરતા.સૌ સુખ શાંતિથી રહેતા હતા. બીજા જંગલના પ્રાણીઓ શાંતિવનની શાંતિનો ભંગ કરવા માંગતા હતા. એક દિવસ કેટલાક પ્રાણીઓ તળાવનું પાણી પી રહયા હતા.તેમણે જોયું કે એક વિચિત્ર પ્રાણી તળાવના કિનારે ફરતું હતું.તેને છ પગ, બે નાક,ત્રણ આંખ . એક કાન અને એક નાની પૂંછડી હતી.

ગજ્જુ હાથીએ તે પ્રાણીને પૂછયું , “તું કોણ છે?”

તેણે કહયુ “મારું નામ જગડુ છે. હું પાસેના જંગલમાં રહું છું.આજે તમારા જંગલમાં ફરવા માંગુ છું.” હાથીએ કહયું “ તમે ફરી શકો છો પણ અમારા જંગલમાં શિકાર કરવાની મનાઈ છે.” જગડુએ જોયું કે અહી બધાં પ્રાણીઓ સંપીને રહે છે.આવું જંગલ તેણે દુનિયામાં ક્યાંય જોયું નથી ક્યાંક ઉંદરને પીઠ પર બેસાડીને બિલાડી ફરતી હતી તો ક્યાંક સસલું અને શિયાળ ક્રિકેટ રમી રહયાં હતાં.તે જંગલના રાજા સિંહને મળ્યો. તેની સાથે વાત કરતાં સાંજ પડી ગઈ.જગડુને ઊંઘ આવી ગઈ.સવારમાં ઊઠતાં જ તેણે જોયું તો મોં ધોવા માટે વાંદરો તેના માટે પાણી લઈ ઊભો હતો.કૂતરો રુમાલ લઈને ઊભો હતો.ગાય એક ગ્લાસ દૂધ તેને આપી ગઈ.

આટલી મહેમાનગતિ કરવા છતાં જગડુએ સિંહને કહ્યું " તમારા રાજા હોવાનો શું ફાયદો? જરા રુઆબથી રહો." સિંહના મગજમાં જગડુની વાતની અસર થઈ.તે બળદ અને ઘોડા સાથે કારણ વિના લડવા લાગ્યો.સિંહના બગડેલા સ્વભાવની આખા જંગલમાં ખબર પડી ગઈ.

જગડુ હાથી પાસે પહોચ્યો અને બોલ્યો "તમારે આટલું મોટુ શરીર છે.છતાં સિંહ તમારા ઉપર રાજ કરે? સિંહના પરિવારમાં કુલ વીસ કે પચીસ સભ્યો જ છે જ્યારે તમારા પરિવારમાં પચાસથી પણ વધારે સભ્યો છે.તમારે તેનાથી ડરવાની જરુર નથી.આજે સિંહ ઘોડા અને બળદને લડયો કાલે તમારી સાથે પણ લડી શકે ને? તમે તમારી જમીનની આસપાસ તળાવ કિનારે તમારું અલગ રાજ્ય બનાવો."

હાથીઓએ જંગલની આસપાસની જમીન પર  પોતાનો કબજો જમાવી લીધો.આ રીતે જગડુએ બધાને ભડકાવ્યા જંગલનાં પ્રાણીઓ અલગ અલગ પાંચ ભાગમાં વહેચાઈ ગયા.હવે કોઈ પ્રાણી એકબીજા સાથે દેખાતા ન હતાં. જગડુ તો પાતાનું કામ પુરુ કરીને ત્યાંથી જતો રહયો.

આ બધા પ્રાણીઓમાં લંબુ ઊંટ સમજદાર હતું. તે સમજી ગયું કે જગડુએ બધાંને છૂટા પાડી દીધા છે.તે સમયે તેની પત્નીએ એક સુંદર પુત્રને જન્મ આપ્યો.લંબુ ઊંથે જંગલનાં બધા પ્રાણીઓને પોતાના ઘરે જમવા માટે આમંત્રણ આપ્યું.બધા પ્રાણીઓ  આવ્યા અને આનંદથી જમવા લાગ્યા. જમ્યા પછી બધા વાતો કરતા હતા ત્યારે લંબુ ઊંટે કહ્યું "તમે બધા મારા આમંત્રણને માન આપીને અહી આવ્યા એનો મને આનંદ છે. હું તમને એક વાત પૂછવા માંગુ છું.આપણું જંગલ અલગ અલગ પાંચ ભાગમાં વહેચાઈ ગયું છે.તો આપ બધા એનાથી ખુશ છો? કે પહેલા બધા સાથે હતા ત્યારે ખુશ હતા? એક બીજા જંગલના પ્રાણીએ આવીને આપણી વચ્ચે વેર ઊભું કર્યુ.ભાગલા પડાવ્યા.એકબીજાના દુશ્મન બનાવ્યા.આપણા જંગલની સુખ શાંતિ છીનવી લીધી.

હવે તો આપણે સમજીને ફરીથી સંપીને રહીએ.બધાને સમજાયું કે ઊંટ સાચુ જ કહે છે. સૌએ એકબીજા સાથે સંપીને રહેવાનું વચન આપ્યું અને પોતાના ઘરે ગયાં.

૧ પાણીઓ તળાવનું પાણી પી રહયા હતા ત્યારે તેમણે શું જોયુ?

| |
|---|
| |
| |
| |
| |

૨ જંગલમાં શું કરવાની મનાઈ હતી ?

| |
|---|
| |
| |
| |
| |

૩. જંગલ કેટલા ભાગમાં વહેચાઈ ગયું ? શા માટે?

૪ આ વાર્તામાંથી તમને શું શીખ મળે છે ?